અપીલ અરજી નં.૩૮૭ તા.૨૯–૧–૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ મેઈનરોડ (ટચ) ૮૯૮ સ્કે.ફીટની જગ્યા ગાર્ડન માટે અનામત રાખેલ જેના પરના દબાણ કોણે કર્યા છે? છે અને કયા પ્લોટ વાળાએ આવવા જવા માટેના રસ્તા તેમજ દરવાજા કાઢેલ છે. જેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૭/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ મેઈનરોડ (ટચ) ૮૯૮ સ્કે.ફીટની જગ્યા ગાર્ડન માટે અનામત રાખેલ જેના પરના દબાણ કોણે કર્યા છે અને કયા પ્લોટ વાળાએ આવવા જવા માટેના રસ્તા તેમજ દરવાજા કાઢેલ છે. જેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૧ તા.૮–૨–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી મુદ્દા નં.૧ સદર જગ્યા અનામત પ્લોટમાં કોણે કબ્જો કરેલ છે અને કોના કબ્જામાં છે. મુદ્દા નં.ર. સદર જગ્યા અને સોસાયટીનુ પ્લાન સાથે છે જેમાં લાલ નિશાન કરેલ છે એ જગ્યામાં કેટલા પ્લોટ હોલ્ડરોએ દરવાજા કાઢયા છે જેની માહિતી. મુદ્દા નં.૩. સદર જગ્યા પર દબાણ કરનારાઓને હટાવવામાં કેમ નથી આવ્યા? મુદ્દા નં.૪. સદર જગ્યા તારની વાડ તોડનારા પર કેમ પગલા ભરવામાં આવ્યા નથી જેની માહિતી. મુદ્દા નં.૫ સદર જગ્યામાં થયેલા બાંધકામ કયારે તોડવામાં આવશે જેની માહિતી તમામ માહિતી સ્થળ ઉપર જઈ તપાસ કરી પૂરી પાડવી. તેવી માહિતીની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ ,